શહેરમાં ચૂંટણી કાર્યાલયો પર
રાત્રીના સમયે નાસ્તાની બોલબાલા



# વોર્ડ નં. ૨ કોંગ્રેસના ગઢમાં ભાજપનો ખોંખારો

## ગ્રામીણ વિસ્તારોના પ્રભુત્વવાળા વોર્ડમાં કોંગ્રેસના પરંપરાગત મતદારોમાં ગાબડા પાડવાના ભાજપના પ્રયાસો





## વિપક્ષી નેતાની ઉમેદવારીથી પ્રતિષ્ઠાનો બનતો જંગ : ગામડાઓમાં રાત્રી બેઠકોનો જમેલો જામતો જાય છે

**મહાનગરનો મહાસંગ્રામ**
- સંજય દૃષ્ટિ

વોર્ડ નં. ૨ એટલે શહેરમાં સમાવિષ્ટ ગ્રામીણ વિસ્તારોનું પ્રભુત્વ ધરાવતો વોર્ડ. જેમાં બાસણ, બોરીજ, ઈન્દ્રોડા, પાલજ, સેક્ટર-૨૯ અને જીઈબી કોલોનીનો સમાવેશ થાય છે. ૧૭,૮૬૯ મતદારો ધરાવતા વોર્ડ નં. ૨માં ચાર બેઠેકો માટે અગિયાર ઉમેદવાર મેદાનમાં છે. કોંગ્રેસ-ભાજપના ચાર-ચાર, એનસીપીના એક અને બે અપક્ષો આક્રમકતાથી ચૂંટણી લડે છે. વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ ભિખુસિંહ બિહોલા અને હસમુખકુમાર જુગાજી મકવાણા બંને કોંગ્રેસના સીટીંગ કોર્પોરેટર છે. ઉપરાંત પૂર્વ ડેપ્યુટી મેયર યુસુફભાઈ પરમારના પત્ની રોશનબેન પણ જંગમાં છે. આ સિવાય આઠ ઉમેદવારો પ્રથમ વખત ચૂંટણી લડી રહ્યા છે. કોંગ્રેસની પેનલનું નેતૃત્વ કરતા વિપક્ષી નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા પાલજ અને આસપાસના વિસ્તારોમાં સામાજીક પ્રવૃત્તિઓના માધ્યમથી ખુબ જ જાણીતા આગેવાન છે. છેલ્લા પાંચ વર્ષમાં આ વિસ્તારના પડતર પ્રશ્નોની સબળ રજુઆતોથી વોર્ડના મતદારો સાથે સતત સંપર્ક જાળવ્યો છે. હસમુખકુમાર મકવાણા પણ કોંગ્રેસના સીટીંગ કોર્પોરેટર ઉપરાંત જિલ્લા કોંગ્રેસના અગ્રણી જુગાજી ઠાકોરના પુત્ર હોવાને નાતે સમગ્ર વિસ્તારમાં જીવંત સંપર્ક ધરાવે છે. ઈન્દ્રોડાના વતની હસમુખકુમાર મકવાણાએ ગ્રામીણ વિસ્તારના પ્રશ્નોને અસરકારક વાચા આપતા મતદારોમાં જાણીતા બન્યા છે. કોંગ્રેસના વરિષ્ઠ અગ્રણી અને સીટીંગ કોર્પોરેટર યુસુફભાઈ પરમારના પત્ની રોશનબેન સેક્ટર-૨૯ના લઘુમતી વિસ્તારમાં સક્રિય મહિલા કાર્યકર છે. તેમને પણ સેક્ટર-૨૯ અને જીઈબી કોલોનીમાં અનેક પરિવારો સાથે અને મતદારો સાથે સાતત્યપૂર્ણ સંપર્કો છે. બોરીજના મહિલા અગ્રણી લલીતાબેન વાઘાજી ઠાકોર કોંગ્રેસની પેનલના મહિલા ઉમેદવાર છે. કોંગ્રેસના સંનિષ્ઠ કાર્યકર વાઘાજી ઠાકોરની સક્રિયતાનો લાભ લલીતાબેન ઠાકોરને ખાતે જમા થઈ શકે છે.

ભારતીય જનતા પાર્ટીની પેનલનું નેતૃત્વ પક્ષના સંનિષ્ઠ અને અગ્રણી કાર્યકર અમીતભાઈ જકસીભાઈ દેસાઈ સંભાળી રહ્યા છે. અમીતભાઈ પક્ષ અને માલધારી સમાજની સામાજીક પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલા હોવાથી ગ્રામીણ વિસ્તારોમાં સીધા સંપર્કો ધરાવે છે. ઈન્દ્રોડાના મેલાજી મંગાજી મકવાણા ભાજપના સક્રિય કાર્યકર છે. ઈન્દ્રોડા ગામના પ્રશ્નોમાં સતત રસ લેતા મેલાજી સમગ્ર વિસ્તારમાં અસરકારક સંપર્કો ધરાવે છે. બોરીજના કંકુબેન તખાજી ખાંટ ભાજપના મહિલા મોરચાના સક્રિય કાર્યકર છે. બોરીજ ગામમાં ખાંટ પરિવાર સાથે ગામવાસીઓને સીધો સંપર્ક હોવાથી મતદારોમાં આવકાર મળી રહ્યો છે. જીઈબી કોલોનીના અસ્મિતાબેન વિજયભાઈ ચુડાસમા ભાજપની પેનલના મહિલા ઉમેદવાર છે. મહિલા ભાજપમાં સતત સક્રિય રહેતા અસ્મિતાબેન જીઈબી કોલોનીમાં મહિલા પ્રવૃત્તિમાં પણ અગ્રેસર રહે છે.

આ વોર્ડમાં એનસીપીના મોહમ્મદ અકીબ અશરફખાન પઠાણ અને અપક્ષ ગૌતમભાઈ કચરાભાઈ પરમાર તથા મૌલિક માધવભાઈ તલવાડી ચૂંટણીના મેદાનમાં આક્રમકતાથી પ્રચાર કાર્ય કરી રહ્યા છે.

વિરોધ પક્ષના નેતા આ વોર્ડમાંથી ચૂંટણી લડતા હોઈ જંગ પ્રતિષ્ઠાનો બને છે. કોંગ્રેસના ત્રણેય અગ્રણીઓ સાથે મળી એક જ વોર્ડમાંથી ચૂંટણી લડતા કોંગ્રેસનું પલ્લુ સ્વભાવિક જ નમતુ દેખાય છે. પરંતુ ભાજપનો પડકાર પણ નોંધપાત્ર છે. કોંગ્રેસના જ ગઢમાં ભાજપનો ખોખારો જંગને રસપ્રદ બનાવે છે.

# મહાવીર સમગ્ર જીવ માત્રના ભગવાન છે : ફુલચંદ શાસ્ત્રી

## વિશ્વને હિંસા-ત્રાસવાદથી મુક્ત કરવા મહાવીરની અહિંસાને અપનાવવી પડશે : આચાર્ય કલ્યાણ બોધિસૂરીશ્વરજી : શહેરમાં મહાવીર જયંતિની ભવ્ય ઉજવણી : શોભાયાત્રા અને પ્રવચન યોજાયાં

ગાંધીનગર, તા. ૨૦

જૈન ધર્મના ૨૪માં તિર્થકર તથા અહિંસા અને અપરિગ્રહનો વિશ્વ આખાને સંદેશો આપનાર ભગવાન મહાવીરની ૨૬૧૪ની જન્મ જયંતિ શહેરમાં ભારે હર્ષોલ્લાસથી ધામધૂમપૂર્વક યોજવામાં આવી હતી. આ પ્રસંગે જૈનધર્મના ચારેય મુખ્ય ફિરકાઓની સંયુક્ત શોભાયાત્રા યોજવામાં આવી હતી. શોભાયાત્રા બાદ ટાઉનહોલ ખાતે આચાર્ય કલ્યાણ બોધિ શૂરીશ્વરજી મ.સા. અને ફુલચંદભાઈ શાસ્ત્રીના મનનીય પ્રવચન યોજાયાં હતા.

"માત્ર પાગલ હાથીને અંકુશમાં લેવાથી નહી પરંતુ આત્મા અને વિકાર પર અંકુશ મેળવવાથી મહાવીર બન્યા હતા. વર્ધમાનથી મહાવીર બનવાની સફર પુરુષાર્થ અને કર્મથી ભરેલી છે. હિંસાનુ મૂળ કારણ રાગ છે" આ શબ્દો છે જાણીતા આધ્યાત્મિક વિચારક ફુલચંદભાઈ શાસ્ત્રીના, જેમણે ટાઉનહોલ ખાતે જૈન શોશ્યલ ગૃપ દ્વારા આયોજિત મહાવીર જન્મકલ્યાણકની ઉજવણી પ્રસંગે યોજાયેલ વ્યાખ્યાનમાં કહ્યાં હતા. તેમણે આ સાથે જણાવ્યું હતુ કે મહાવી માત્ર જૈનોના નહી પરંતુ સમગ્ર જીવ માત્રના ભગવાન છે. ફુલચંદભાઈ શાસ્ત્રીએ 'વર્ધમાનથી મહાવીર' વિષયે મનનીય વક્તવ્ય આપ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમના પ્રારંભે આચાર્ય કલ્યાણ બોધિસુરીશ્વરજીએ પણ અત્યંત વિચારપ્રેરક વક્તવ્ય આપતા જણાવ્યું હતું કે તમામ ક્ષેત્રોમાં મૈત્રીનો હાથ લંબાવતા રહેશો તો આ ધરતી પર સુખ અને શાંતીનું સ્વર્ગ ઉતરશે. તેમણે કહ્યું કે "આજના વિશ્વને હિંસા અને ત્રાસવાદથી ઉગારવા ભગવાન મહાવીરના અહિંસાના સિદ્ધાંતોને અપનાવ્યા સિવાય કોઈ આરો નથી. મહાવીરે માત્ર કાયાથી નહી પરંતુ મન અને વચનથી હિંસા ન કરવાનું જણાવી વિશ્વા શાંતિનો સાચો માર્ગ ચિંધ્યો છે. બન્ને પ્રભાવી વક્તાઓએ મોટી સંખ્યામાં જૈન શ્રદ્ધાળુઓએ ઉપસ્થિત રહી ધ્યાનપૂર્વક સાંભળ્યા હતા.

આ કાર્યક્રમ અગાઉ વહેલી સવારે સે. ૨૧ના દિગમ્બર જૈન મંદિરથી સવારે ૭.૩૦ કલાકે ભગવાન મહાવીર સ્વામીની પાલખી સાથે શોભાયાત્રા નીકળી હતી. આ યાત્રા સે. ૨૨ના શ્વેતાંબર જૈન મંદિરે પહોંચતા ત્યાંથી પણ નીકળેલી શોભાયાત્રા જોડાઈ હતી. આ શોભાયાત્રામાં જૈન ધર્મના ચારેય ફિરકા શ્વેતાંબર, દિગમ્બર, તેરાપંથી અને સ્થાનકવાસી સહિતના તમામ જૈન શ્રાવકો, શ્રાવિકાઓ જોડાયા હતા. શોભાયાત્રામાં બાળકોએ ધારણ કરેલ વિવિધ ધાર્મિક ચરિત્રોની વેશભૂષાએ ભારે આકર્ષણ જમાવ્યુ હતુ. શોભાયાત્રામાં ભગવાન મહાવીરના જીવન ચરિત્ર વિશેની રચનાઓ પ્રસ્તુત કરાઈ હતી. બેન્ડવાજા સાથે મહાવીર સ્વામી ભગવાનના જયઘોષ સાથે નીકળેલી શોભાયાત્રામાં આચાર્ય કલ્યાણ બોધિ સુરીશ્વરજી મ.સા. જોડાયા હતા અને વિશાળ સંખ્યામાં જૈન સમુદાયના શ્રદ્ધાળુઓ જોડાયા હતા. શોભાયાત્રા સે. ૨૨ અને સે. ૨૧ના મુખ્ય માર્ગો પર ફરી હતી.








## ખૂણે ખાંચરેથી...

● જિલ્લાના પ્રભારી સચિવશ્રી સંજીવકુમાર દહેગામ તાલુકાના ઝાલાની મુવાડી ગામની ગ્રામસભામાં પહોંચ્યા હતા.

● ભારત સરકારના અધિકારી આશિષકુમાર ગવાઈ કલોલ તાલુકાના હિંમતપુરા(વેડા) ખાતે પ્રભાતફેરીથી લઈ ગ્રામસભા અને કિસાન સભામાં હાજરી આપી એટલુ જ નહિ આંગણવાડી કેન્દ્ર અને શૈક્ષણિક સંકુલોની મુલાકાત લીધી હતી.

● ગાંધીનગર મહાનગર પાલિકાની ચૂંટણીમાં મતદાનની આડે હવે ત્રણ દિવસ બાકી રહેતાં પ્રચાર અભિયાન તેની પરાકાષ્ટાએ પહોંચ્યું છે.

● મહાનગરપાલિકાની ચૂંટણીને પગલે ગૃપ બેઠકોનો સિલસિલો પણ વધી જવા પામ્યો છે.

● ગાંધીનગર શહેરમાં એક તરફ પ્રચાર અભિયાનના વાહનો અને બીજી તરફ લગ્નસરાને લઈ મ્યુઝીક બેન્ડોની કોલાહલથી સેક્ટરો ગુંજી રહ્યા છે.

● મનપાની ચૂંટણીના પ્રચારમાં ભાજપ-કોંગ્રેસના પ્રદેશ આગેવાનો, ધારાસભ્યો, સાંસદો અને મંત્રીમંડળના સભ્યો પણ સેક્ટરો ખુંદી રહ્યાં છે.

● સરકારી વસાહતોમાં ઉમેદવારો ઓછા દેખાયાની વાતો પણ લોકજીભે ચર્ચાતી સાંભળવા મળી રહી છે.

## બાયસેગ ઈન્સ્ટીટયુટમાંથી ચાર એલ.સી.ડી.ચોરાયા

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર ઈન્ફોસીટી પાસે આવેલી ઈન્સ્ટીટયુટ બાયસેગમાં રજાઓના દિવસ દરમિયાન ચોરો ઘુસ્યા હતા. બાયસેગના ભાવિનભાઈ ગુણવંતભાઈ ઓઝાએ ઈન્ફોસીટી પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદ મુજબ ૧૬ એપ્રિલ થી ૧૮ એપ્રિલ દરમિયાન રજાના દિવસોમાં ઈન્સ્ટીટયુટ બંધ હતી અને એક રૂમની બારી ખુલ્લી રહી ગઈ હતી. આ ખુલ્લી બારીમાંથી પ્રવેશ કરીને ચોરો રૂ. ૨ હજારની કિંમતના ચાર એલસીડી ઉઠાવી ગયા હતાં. રૂ. ૮ હજારના એલ.સી.ડી.ની ચોરી અંગે થયેલી ફરિયાદ સંદર્ભે ગુનો દાખલ કરીને ઈન્ફોસીટી પોલીસે વધુ તપાસ શરુ કરી છે.

# શહેરમાં ચૂંટણી કાર્યાલયો પર રાત્રીના સમયે નાસ્તાની બોલબાલા

## ગરમાગરમ ગોટા મોટેભાગે કાર્યાલયો પર જોવા મળે છે

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં ચુંટણીનો માહોલ ધીમે ધીમે બરાબર જામતો જાય છે. શહેરમાં સાંજ ઢળતાં જ ઉમેદવારોના કાર્યાલયો કાર્યકરોથી ઉભરાય છે. કાર્યાલયો પર રાત્રીના મોડે સુધી બેસીને બીજા દિવસની રણનીતિ નક્કી કરતા કાર્યકરો માટે નાસ્તાની વ્યવસ્થા કરવામાં આવે છે. જેમાં ચા ની ચુસકી સાથે ખમણ-ઢોકળા, પાત્રા, પાપડી, ફુલવડી, ગાંઠીયા, ચવાણું અને ગરમા ગરમ ગોટાની બોલબાલા છે. અત્યારે હાલ તો કાર્યકરો થી કાર્યાલયો ઉભરાય છે અને એકમેક સૌ સાથે બેસીને નાસ્તાની જયાફત માણતા નજરે પડે છે.

ચુંટણી હોય અને કાર્યાલયો પર રાત્રીના સમયે નાસ્તાની વ્યવસ્થા કાર્યકરો માટે ના હોય તો જાણે ચુંટણી અધુરી હોય તેવું લાગે. કંઈક ખુટતું હોય તેવો અહેસાસ કાર્યકરો અને મતદારોને પણ થાય છે. પરંપરાગત રીતે ચુંટણીમાં ઉમેદવારો દ્વારા શરુ કરવામાં આવેલા કાર્યાલયો પર ચુંટણીને આડે ગણતરીના દિવસો બાકી હોય એટલે કાર્યાલયો સતત કાર્યકરોથી ધમધમતા રહે છે. કાર્યકરો માટે ચા-પાણી, જમવાની સહિતની વ્યવસ્થા કરવામાં આવતી હોય છે. પરંતુ ચુંટણીમાં ચવાણાની અલગ જ વાત છે. ચુંટણી હોય ત્યારે ઠેર-ઠેર ચુંટણીનું ચવાણું ચવાતું હોય અને ચુંટણીલક્ષી વાતો થતી હોય છે. પરંતુ શહેરમાં ચવાણાની સાથે સાથે આજના જમાનાને અનુરુપ નાસ્તો કાર્યકરો માટે રાખવામાં આવે છે. ચવાણાથી ઉબાઈ ગયેલા કાર્યકરોને ચવાણામાં રસ ના રહેતા ઉમેદવારો તરફથી રોજ નીતનવો નાસ્તો તૈયાર કરાવાય છે.

જેમાં પાપડી, ગાંઠીયા, સેવ, સેન્ડવીચ તેમજ લાઈવ ઢોકળા, ખમણ, પાત્રા, ફુલવડી, સહિત ગરમાગરમ ગોટાનો સમાવેશ થાય છે. પરંતુ મોટાભાગના ઉમેદવારોને ત્યાં રાત્રીના ૮ થી ૧૧ ગરમા ગરમ ગોટાનો નાસ્તો હોવાથી કાર્યકરો અને મતદારોનો ભારે જમાવડો જોવા મળે છે. અત્યારે હાલ તો શહેરમાં ચુંટણીમાં ઉભા રહેલા ૧૦૦ થી વધુ ઉમેદવારોના કાર્યાલયો ધમધમતા હોવાથી શહેરમાં અનેરો રાત્રી માહોલ જામતો જાય છે. જયારે કાર્યાલય રાત્રીના સમયે સૌ સાથે બેસીને દિવસ દરમ્યાન કરેલા પ્રચારની ચર્ચા અને સમીક્ષા કરવામાં આવે છે અને આગામી દિવસની રણનીતિ તૈયાર કરાય છે.

# શહેરમાં બાઈક રેલી અને ચૂંટણી સભાથી સેકટરોમાં ધમધમાટ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરમાં મહાનગરનો મહાસંગ્રામ જામ્યો છે. ઉમેદવારો પ્રચારમાં એડીચોટીનું જોર લગાવી રહ્યા છે. દિવસની આકરી ગરમીમાં પણ ઉમેદવારો મત બટોરવા માટે સેકટરોમાં ફરતા નજરે પડે છે. શહેરમાં મહાનગર પાલિકાના ચુંટણી જંગને અનુલક્ષી મોડીરાત સુધી ધમધમાટ જોવા મળે છે. દિવસના આકરા તાપ બાદ રાત્રીના ઠંડા માહોલમાં ચુંટણીલક્ષી સભાઓનું આયોજન કરવામાં આવી રહ્યું છે. બીજીતરફ રાજકીય પક્ષો દ્વારા પ્રચાર માટે સેકટરોમાં બાઈક રેલી યોજી મતદારોને આકર્ષવાનો પ્રયત્ન કરવામાં આવી રહ્યો છે.

ગાંધીનગર શહેર મહાનગર પાલિકા ચુંટણીને આડે હવે ગણતરીના કલાકો બાકી રહ્યા છે. ત્યારે વોર્ડમાં ઉભેલા વિવિધ રાજકીય પક્ષના તેમજ અપક્ષ ઉમેદવારો સહિત શકિત પ્રદર્શન માટે સેકટરોમાં બાઈક રેલી યોજે છે તેમજ હવે છેલ્લા સમયે વિવિધ જ્ઞાતિના સમીકરણોને આધારે જ્ઞાતિના વિવિધ આગેવાનોને બોલાવી મતદારોને રીઝવવા પ્રયાસ કરી રહ્યા છે. શહેરમાં રેલીના આયોજન ઉમેદવારો કરતા હોવાથી યુવાનોનો પણ અછત સર્જાઈ રહી છે. એક તરફ વેકેશનનો માહોલ છે. જેને પગલે યુવાનો વેકેશન માણવા પોતાના સગા સ્નેહીજનોને ત્યાં જતા રહ્યા હોવાથી ઉમેદવારો તેમજ કાર્યકરો હેરાન પરેશાન થઈ ગયા છે.

પેટ્રોલ અને અન્ય ખર્ચ આપવા છતા યુવાનોને રેલીમાં રસ ના હોવાથી ભારે તકલીફનો સામનો કરવો પડી રહ્યો છે. વાલીગણ પણ પોતાના દિકરાઓને રાજકીય રેલીમાં ન જવાની સુચના આપતા હોવાથી યુવાનો પણ ગમે તેટલા રુપીયા પેટ્રોલના આપવા છતા યુવાનો રેલીમાં જવા તૈયાર નથી. જયારે વોર્ડમાં સમાવિષ્ઠ સેકટરોમાં સાંજ ઢળતાં જ સભાનું આયોજન કરતા હોય છે સભામાં મોટીસંખ્યામાં મતદારો જોવા મળી રહ્યા છે.

## હરિની દૃષ્ટિ...
- હરિન ભટ્ટ




સાહેબ... સોલ્વ થઇ ગયું... શની પર યાનમાં મોકલવાની મહિલા... આપણને આ મંદિરમાંથી જ મળી રહેશે...!!